ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે,
ગણ્યું જે પ્યારૂં પ્યારા એ અતિ પ્યારૂં ગણી લેજે

જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે
ન સારા કે નઠારાની જરાયે સંગતે રહેજે.

- બાલાશંકર કંથારિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## સંબંધોની સુરાવલી...

પરખ ચીજવસ્તુની હોય કે માણસની એ અણીના સમયે જ થતી હોય છે. આપોઆપ ઉગી નિકળતી વનરાજીની માફક સંબંધો પણ જીવાતી જિંદગીની આસપાસ આકાર પામતા રહે છે. કેટલીયે વ્યવસ્થાઓ અને સગવડો આપણી મદદ માટે તૈયાર હોય છે. સામાન્ય સંજોગોમાં આપણને એની ઉપયોગિતાની ખબર નથી પડતી. એની જરૂર પડે અને એ તુરત હાજર થાય અને કોઈ ઉકેલ આપે તો જ એ બધું કામનું. બાકી કેવળ શોભા ગણી શકાય ! કેટલાક સંબંધ ભીંતે લટકતી ખીંટી જેવા બની રહે છે.

આપણા મોટાભાગના સંબંધો જો કે શોભાના ગાંઠિયા જેવા હોય છે. આડે દિવસે સામેથી મળતો માણસ અણીના સમયે ગાયબ થઈ જતો હોય છે. આ અનુભવ કોઈ એકલદોકલ નથી આપણા સહુનો છે. આમ હોવા છતાં આપણને કોઈના સહારા વગર ચાલતું નથી એ પણ હકીકત છે. જગત શું કેવળ ભ્રામક સંબંધો ઉપર જ ચાલે છે ?

સાવ એવું પણ નથી હોતું.... જે રિલેશન જીવનની ચડઉતર સાથે ટકી રહયા હોય... પરસ્પર એકબીજાને ઉપયોગી થતા રહયા હોય... એટલે કે સમયની એરણ ઉપર જેની પરખ થઈ ગઈ હોય એ જ સાચા સંબંધ. બાકી જે હોય છે એ દુન્યવી પ્રબંધ ! ભેળસેળ એ સંબંધોની દુનિયામાં પણ વ્યાપક પણ જોવા મળતી ગેરરીતી છે !

ઉતાવળે આકાર પામતા સંબંધોમાં હરખ વધારે હોય છે એટલે એની પરખ પણ તુરત થઈ જતી હોય છે..! કેટલીક લાગણીઓ મુસીબતોના સાધારણ તાપ સામે પણ તુરત બાષ્પીભવન થઈ ઉડી જાય છે એવું કહેવાય છે કે સંબંધોમાં એકબીજા તરફથી કશુંક પામવાને બદલે જો એકબીજાને કશુંક આપવાનો ભાવ મુખ્ય હોય તો એની ભીનાશ લાંબો સમય ટકી રહે છે. ભીનાશ એ જ કદાચ એનો લીબાશ છે.

આપણી આસપાસ એવા અનેક લોકો છે જેમની વચ્ચે સ્નેહનો સંચાર ઘણા વરસોથી એકધારો વહી રહ્યો હોય છે. ઘણા લોકોના સંબંધો 'અભી બોલા અભી ફોક' જેવા હોય છે. માણસ કોઈ ભૌતિક ચીજ ખરીદે તો એની ચોકસાઈ કરીને એના ટકાઉપણાની ખાત્રી અવશ્ય કરે છે. આવી ખાત્રી માટેના કેટલાક માપદંડો હોય છે ? સંબંધો એ જીવંત ઘટના છે એની ખરાઈના માપદંડ થોડાક અલગ હોઈ શકે...

એવું કહેવાય છે કે જે રિલેશન નિઃસ્વાર્થતાના પાયા ઉપર વિકસે છે એ લાંબો સમય ટકે છે.... સમાન વિચારો કે સમાન પરિસ્થિતિઓ ધરાવતી વ્યકિતઓ વચ્ચેની મૈત્રી હંમેશાં સફળ બને છે. માણસ કોઈકનાં સુખવૈભવ કે સફળતા જોઈ આકર્ષાય અને જો એ રીતે સંબંધ બાંધે તો એની પરખ પણ તુરત થઈ જાય છે. સંબંધોની સુરાવલી પરસ્પરના તાલમેલથી જ મધુર બનતી હોય છે. પરખ વગરના સંબંધો કર્કશ સંગીત જેવા બની રહે છે..!

# રાષ્ટ્રના ભવિષ્યનું આમુખ બની શકે છે

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્યારેક જાપાનના વડાપ્રધાન સાથે ભવ્ય ગંગા આરતીમાં ઉપસ્થિત રહી આ પ્રાચીન સાંસ્કૃતિક નગરીને જાપાનની ધાર્મિક-સાંસ્કૃતિક નગરી ક્વોટો જેવી સ્વચ્છતા અને ભવ્યતા પ્રદાન કરવાનો સંકલ્પ કર્યો હતો. એ વખતે તો એ નિવેદન પર એમના શુભેચ્છકોને પણ હસવું જ આવેલું પરંતુ મોદીએ જે રીતે પોતાના મતવિસ્તારના કાયાકલ્પમાં ઊંડો રસ લઈ એને નવા વાઘા પહેરાવ્યા અને શણગાર સજાવ્યા છે તે જોઈને તો એમના કટ્ટરમાં કટ્ટર ટીકાકારને પણ એક સાંસદ તરીકે મોદી ભૂતકાળના કોઈ પણ વડાપ્રધાન કરતાં વધુ કાર્યદક્ષ રહ્યા છે એવું પ્રમાણપત્ર આપવાનું મન થાય. મોદીએ કાશીની નાનામાં નાની રજૂઆત પર ધ્યાન આપ્યું છે. એની અધ્યાત્મનગરી તરીકેની શાશ્વત આભાને માંજીને વધુ ઉજમાળી બનાવી છે. એમણે એમના વારાણસી પ્રવાસને અદ્ભુત ધાર્મિક મહોત્સવમાં ફેરવી દીધો છે. કાશીના કોટવાળ ગણાતા કાલ ભૈરવનાં દર્શન કર્યા પછી એમણે કાશીના અધિષ્ઠાતા દેવાધિદેવ વિશ્વનાથબાબાની પૂજા કરી એટલું જ નહીં, એમણે જળ વિહાર કર્યો અને પવિત્ર ગંગામૈયાની કૂખમાં દુનિયાને દેખાય એ રીતે ભગવાં વસ્ત્રો ધારણ કરીને એકલ પંડે ઊંડા પાણીમાં ઊતરી પૂરેપૂરી ડૂબકી પણ લગાવી દીધી. એમના બૉડીગાર્ડો-બ્લેક કમાન્ડોઝનો પણ એમની આ ચેષ્ટા વખતે પલ્સ રેટ વધી ગયો હશે. આખરે તેઓ આવડા મોટા રાષ્ટ્રના સુકાની છે. એમનો ગંગાજીના ઉદરમાં એકાદ સેકંડ માટે પણ અલોપ થતા જોઈ હરકોઈના હૃદયના ધબકારા વધી ગયા હશે. વિશ્વના કોઈ પણ નેતાની સરખામણીમાં મોદી વધુ ધાર્મિક સિદ્ધ થયા છે. રાહુલ ગાંધી કે મમતા બેનર્જી હિંદુ હોઈ શકે છે પરંતુ હિંદુત્વની પરાકાષ્ઠા તો નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વમાં જ સિદ્ધ થતી વરતાશે. તેઓ વગર બોલ્યે હિંદુ હૃદય-સમ્રાટ બની રહ્યા છે. ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં આ હિંદુત્વનું કાર્ડ જ એમનો ખપ લાગવાનું છે. કોરોનાકાળની નિષ્ફળતાઓને અતિક્રમીને મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બાબા વિશ્વનાથ અને ભગવાન રામચંદ્રજી તથા ગંગામૈયાના સહારે ક્યાંય આગળ નીકળી ગયા છે. મોદી પાસે વાણી ઉપરાંત ઊંડું ઈતિહાસ જ્ઞાન છે. એમની પાસે અદ્ભુત તર્ક શક્તિ છે અને બહુમતીને હાથ ઉપર રાખવા ઉપરાંત નીચલા સ્તરની તથા કથિત કોંગ્રેસી વોટબેંકને હસ્તગત કરવાની કુનેહ તથા કળા છે. કોરીડોરના નિર્માણકાર્યમાં જોતરાયેલા કારીગરો સાથે પગથિયાં પર બેસીને પોઝ આપવાથી લઈ એમની સાથે એક પંગતમાં ભોજન કરવું કે પછી કાશીના રાજમાર્ગો પર પ્રોટોકોલ તોડીને જનમેદીનીનું સનમાન સ્વીકારવું, મધરાત પછી નગરચર્યા પર મુખ્યમંત્રી યોગીને સાથે લઈને નીકળવું, કોઈના બાળકને લાડ કરવાં કે પછી સફાઈકર્મીઓના પગ ધોવા - એ બધા નાટ્યપ્રયોગો આજપર્યંત અગાઉના કોઈ પણ રાષ્ટ્રીય નેતાની આવા શુભ ચેષ્ટાઓને અતિક્રમી જાય છે. મોદીએ સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે દેશની મહત્તા એની સાંસ્કૃતિક ધરોહરને કારણે છે. એમની કાશીયાત્રાને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ભલે 'કાશીવાસ'ની જૂની પરંપરા સાથે સરખાવી ભાજપી શાસનના અંતનો સંકેત ગણાવે પરંતુ મોદી-યોગીની જોડી આવનારા સમયગાળામાં આખા દેશમાં હિંદુત્વનું ક્યારેય ના જોયું હોય એવું ઘોડાપૂર લાવી શકે છે. ઉત્તરપ્રદેશ મોદી માટે 'વોટરલૂ' સાબિત થઈ શકે એમ હતું - વિશ્વ વિજેતા નેપોલિયનને નેલ્સને આ લડાઈમાં પરાજિત કરીને આખી બાજી ઊંધી વાળેલી એમ ઉત્તરપ્રદેશની હાર એ ૨૦૨૪ની લોકસભાની હારનું આમુખ બની શકે એમ હતું. મોદીએ એનો અણસાર પામી જઈ પોતાની તમામ ક્ષમતા યોગીની ઝોળીમાં ઠાલવી દઈ વિપક્ષોને હાથ ઘસતા કરી દીધા છે.

# મમ્મીએ કહ્યું 'હા' બહુ મોટા મોટા લોકો આવવાનાં ત્યાં પાર્ટીમાં ઘરમાં નોકરને વળી શું લઈ જવાનો ?'




ઘરનાં બધાં તેને મુકીને પાર્ટીમાં ગયાં હતાં. આઠ વર્ષના નાના આદિત્યને સમજાતું ન હતું કે તે શું કરે ? રડતાં રડતાં તે કંઈ પણ ખાધા પીધા વિના સુઈ ગયો.

મમ્મી-પપ્પાનું કાર એકસીડેન્ટમાં મોત થયા પછી બે વર્ષ પહેલાં અનાથાશ્રમમાંથી તેને અહીં લાવવામાં આવ્યો હતો. શરૂમાં સૌ તેને પ્રેમ કરતાં હતાં. પરંતુ એક વર્ષ પછી પ્રસુનના જન્મ પછી બધાંનો તેના તરફનો વહેવાર બદલાઈ ગયો.

દાદાજી પ્રેમથી કહેતાં 'દિકરા, જરા મારા પગ દબાવી આપ.' દાદીમાં કહેતાં 'જરા માથામાં તેલ માલીશ કરી આપ બહુ જ દુઃખે છે.' મમ્મી કહેતી 'જરા દોડતો જઈને બજારમાંથી શાકભાજી લઈ આવ.' પપ્પા કહેતા 'જરા મારી કારને સાફ કરી દે.' નાનકડા પ્રસૂનના બધાં કામ તે ભાગી ભાગીને કરતો. કોઈવાર સહેજ ભુલ થઈ જતાં મમ્મી તેને ખીજાઈને ધમકાવી નાંખતી. બધાં કામો કર્યા પછી તે જ્યારે ભણવા બેસતો ત્યારે થાકને કારણે તેને નીંદર આવવા લાગતી. આ બધું થવા છતાં કાચી બુદ્ધિનો આદિત્ય બધાંને પોતાનાં સમજતો રહ્યો.

આજ પ્રસૂનનો પહેલો જન્મ દિવસ હતો. નાના ભાઈના જન્મ દિવસને કારણે આદિત્ય ખુબ ખુશ હતો. વીસ દિવસ પહેલાંથી એ કલ્પનાઓ કરવા લાગતો કે પાર્ટીમાં ખુબ મજા પડશે. તે કેક ખાશે ભાઈને ભાઈનો મળેલ ગીફ્ટથી રમશે. ફૂગ્ગા ફૂલાવશે.

પાર્ટી ખુબ જ મોંઘી રેસ્ટોરેન્ટમાં હતી. સાંજે મમ્મીએ આદિત્યને એક ગ્લાસ પાણી લાવવા કહ્યું. પાણી લઈને તે ઓરડામાં આવ્યો ત્યારે મમ્મી અને માસી વચ્ચે થતી વાતો તેને સંભળાઈ. માસી કહેતાં હતાં. આવડું મોંઘુ ઘર રેઢું ન રખાય. આદિત્યને અહીં રાખ. ત્યારે મમ્મીએ કહ્યું 'હા' બહુ મોટા મોટા લોકો આવવાનાં ત્યાં પાર્ટીમાં ઘરમાં નોકરને વળી શું લઈ જવાનો ?'

આદિત્યને લાગ્યું કે જાણે તે આકાશમાંથી નીચે પટકાયો.

પાણી લઈને તે અંદર આવ્યો ત્યારે મમ્મીએ તેને કહ્યું 'દિકરા આદિત્ય તું ઘરે જ રહેજે. આજકાલ ઘર રેઢું મુકાય એમ નથી. અમે તારા માટે પણ પેક કરાવીને લઈ આવીશું.'

તે ચૂપચાપ તેમની સામે જોઈ રહ્યો. પરંતુ તેમના ગયા પછી તે ઘણીવાર સુધી રોતો રહ્યો. ઉપેક્ષા અને અપમાનથી તે બળી રહ્યો હતો. જેમને તે પોતે દાદા-દાદી અને મમ્મી-પપ્પા સમજતો હતો તેઓ તેને ઘરનો નોકર ગણતાં હતાં.

થોડીવાર પછી તે ઉભો થયો. પગમાં સ્લીપર પહેર્યા અને બહારના બારણાની સ્ટોપર વાસી અનાથાલય તરફ ચાલી નીકળ્યો.

### દિન મહિમા

- સરદાર વલ્લભભાઈ પટેલ પુણ્યતિથિ : એ સરદાર જેમણે દેશને એક કરીને શકિતશાળી રાષ્ટ્ર બનાવ્યું.
- આંતરરાષ્ટ્રીય ચા દિવસ : આંતરરાષ્ટ્રીય ચા દિવસ દુનિયાભરમાં ચાના મહત્વને જાગૃકતા વધારવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસનું લક્ષ્ય શ્રેષ્ઠ વેપાર પ્રથાઓ અને કામની પરિસ્થિતિઓને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ચાના નૈતિક અને ટકાઉ ઉત્પાદન પર કેન્દ્રિત છે.

### આજનું ઔષધ

- કાચા પપૈયાના દુધના ૧૦-૧૫ ટીપાં સવાર-સાંજ પાણી સાથે પીવાથી યકૃત વૃધ્ધિ, બરોળ વૃદ્ધિ, અરુચી, અપચો મટી જાય છે.

### ખડખડાટ

- કોરોનાએ તો માણસાઈ જીવંત કરી છે ટેસ્ટ તમે કરાવો અને પ્રાર્થના આજુબાજુવાળા કરે, કે નેગેટિવ આવે તો સારું...


### આજનો વોટ્સએપ

- ઈશ્વર ત્યાં સુધી તમારું ધાર્યું નહીં થવા દે જ્યાં સુધી તમે નહીં માનો કે આ જીવનમાં 'બધું જ ઈશ્વરનું ધાર્યું થાય છે.'

### વિચાર

- અગ્નિથી લોખંડની પરખ થાય છે અને પ્રલોભનથી સાચા માણસની
  - થોમસ કેમ્પિસ
- પ્રમાણિકતા અને સત્ય દરેક સદગુણના પાયા છે.
  - કન્ફુશિયસ
- શતરંજની જેમ જીવનમાં પણ અગમ બુધ્ધિવાળો જીતે છે.
  - ચાર્લ્સ બકસ્ટોન

# મનોરંજનની વાત કરીએ તો વ્યાવસાયિક નાટકો એમાં સૌથી આગળ છે




મનોરંજનની દુનિયામાં નાટકનું મહત્વ કેટલું ? સ્થૂળ હાસ્યની રીતે મનોરંજનની વાત કરીએ તો વ્યાવસાયિક નાટકો એમાં સૌથી આગળ છે. એક મિનિટ માટે પણ તમારી બત્રીસી બંધ ન રહે એવાં નાટકો કોરોના પૂર્વે સફળતાપૂર્વક ધૂમ મચાવી રહ્યા હતા. પણ કોરોના કાળ આવા વ્યાવસાયિક નાટકો માટે પણ કપરો કાળ હતો. કપરો કાળ એ રીતે કે ઘણાની રોજીરોટી આ પ્રકારના નાટકો સાથે સંકળાયેલી હતી. અને આપણે સહું જાણીએ છીએ એમ થિયેટરનો પડદો બહુ લાંબા સમય સુધી ઊંચકાયો નહોતો.

પરંતુ હવે ધીમે ધીમે નાટકોની ભજવણી શરૂ થઈ રહી છે. અમદાવાદના જાણીતા કબીર ઠાકોરે પોતાના ઘરની પાછળના ભાગમાં સ્કેપયાર્ડ બનાવ્યુ છે અને ત્યાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ ઉપરાંત નાના પાયે નાટકની ભજવણી પણ થાય છે. હમણાં થોડા વખત પહેલાં જ મનોજ શાહ દિગ્દર્શિત અને દેવકી અભિનીત 'અભિનય' નાટકની રજૂઆત થઈ હતી. એ જ રીતે જુદી જુદી સંસ્થાઓ દ્વારા નાટકના 'વાચિકમ્'ના કાર્યક્રમો પણ થઈ રહ્યા છે. ટૂંકમાં, પડદો ઊંચકાયો છે પણ એની સાથે સાથે એમીક્રોનનું જોખમ પણ વધતું જાય છે એટલે બહુ જલદી ફરી પડદો પાડવો પડે એવું ન બને એવી પ્રાર્થના કરીએ.

અમદાવાદમાં આદિતિ દેસાઈના દિગ્દર્શનમાં ધ્રુવ ભટ્ટની જાણીતી નવલકથા 'અકૂપાટ'ના પ્રયોગો પણ થઈ રહ્યા છે. પણ હજી લોકો થિયેટરમાં જાય છે કે કેમ ? કોરોનાનો ડર હજુ સંપૂર્ણપણે દૂર થયો નથી.

## તખ્તાના પીળા પ્રકાશે...






એ જ રીતે સુરતમાં પણ સ્પા દ્વારા દર મહિને ત્રણ એકાંકીઓની ભજવણીની પુનઃ શરૂઆત થઈ છે. આ બાબતે ગુજરાત સંગીત નાટક અકાદમીએ પણ નાટક અને અન્ય કળાઓને લગતી યોજનાઓ અમલમાં મૂકી છે. કોરોનાને લીધે છેલ્લા બે વર્ષથી આ યોજનાઓ બંધ હતી. એ ફરી શરૂ થઈ એ પણ તખ્તા માટે અને અન્ય કળાઓ માટે સારી વાત ગણી શકાય.


નાટક અઘરી કળા છે, એની ના પાડી શકાય એમ નથી. સમુહનો એક સરખો પ્રયત્ન જ નાટકને સફળ બનાવી શકે. સ્થૂળ મનોરંજન પીરસતા નાટકોમાં પણ ટીમવર્કથી જો કામ થયું હોય તો જ એ ધાર્યુ લક્ષ્ય પાર પાડી શકે. બાકી તો ગરબડ-ગોટાળા ચાલ્યા કરે. અદિતિ દેસાઈના દિગ્દર્શન બીજા બે લઘુ નાટકો 'લીલા' અને 'લાપસી'ની ભજવણી પણ હવે થવાની છે. નૌશિલ મહેતાએ આ નાટકો લખ્યા છે. નવા નાટકો લખાતાં થાય એ જેટલું જરૂરી છે એટલું જ જરૂરી એ નાટકોની યોગ્ય ભજવણી પણ છે. તખ્તાના પીળા પ્રકાશે જીવનનો લય શોધતા કલાકારો માટે હવે પછીનો સમય કાયમ પીળા પ્રકાશવાળો રહે એવી કામના કરીએ.

# જતુ કરવાની ભાવના જતી રહી એટલે બધા પીડિત રહે છે !

## જ્યાં અન્યાય કે શોષણ હોય ત્યાં અવાજ ઉઠાવવો એ વિશ્વની સુખાકારીનો પાયો છે પરંતુ દરેકની મુલવણી વ્યાજબી રીતે થવી જોઈએ, બીજાના સુખમાં સ્વયંના સુખને જોવુ એ જ બધા ધર્મનો સાર છે

જીવન અંગેની ફિલસુફી દરેકને ઉપલબ્ધ છે તેમાં હવે ડિજીટલ મીડિયાનો પ્રવાહ અવિરત વહ્યા કરે છે એટલે માહિતીઓનો ઢગલો પ્રતિક્ષણ ઠલવાતો રહે છે અલબત્ત આ બધુ સાચુ અને ઉચિત જ હોય તેવુ પણ હોતુ નથી તેમ છતાં ઉમદા બાબતો પણ મળતી રહે છે. આખા વિશ્વમાં છેલ્લા બે વર્ષમાં લોકો માનસિકરીતે પરેશાન રહ્યા ખાસ કરીને મહામારીની ચિંતાના લીધે. એટલે બન્યુ છે એવુ કે પ્રત્યેક વ્યક્તિના મુળ સ્વભાવમાં પણ પરિવર્તન આવ્યુ છે, તરંગી, ક્રોધી, લાલચી, તામસી એવા ગુણો વધુથી સમાજ વધુ પ્રભાવી થઈ રહ્યો છે. આર્થિક તથા સામાજિક દ્દષ્ટિએ તણાવ પણ પેદા થયો છે, મોંઘવારી વધે છતાં આવક વૃદ્ધિ થઈ ના શકે તેવા માહોલમાં સમાજ આંતરિક રીતે વધુ હતાશ યા નિરાશ થાય એ સહજ છે. પૈસા વિના નથી કશુ એ પછી પુણ્ય હોય કે પાપ !! જીવનશૈલીમાંથી સહજતા ઝડપથી લુપ્ત થઈ રહી છે એમાં કોઈને કશુ જતુ કરવાની ભાવના રહી નથી એ મુખ્ય સમસ્યા જોવા મળે છે ! જતું કરવું એટલે કે મનની વિશાળતા અને જે ના પસંદ હોય છતાં હસતા મુખે સહજ રીતે સ્વીકૃત કરવું એ તત્વ ગુમ થયુ છે. આ ઉપરાંત પ્રતિશોધનો અગ્નિ ઊભો થઈ ગયો છે એટલે હત્યા, મારામારી, અપહરણ, બળાત્કાર જેવી ઘટનાઓ હવે સતત વધતી જાય છે. દુષ્કર્મ બંધ થતા નથી શા માટે આવુ થઈ રહ્યુ છે ? આ માટે શું થઈ શકે એ ચિંતનનો મુદ્દો છે. આમ જનતા માટે કોઈ સ્કૂલ કે કોલેજ ક્યાંથી હોય ? પરિવારના એકમમાં વડિલો કે મા-બાપ મહત્વના અંગ છે તેઓ જતું કરવામાં માને છે પરંતુ બાકીના સભ્યોના દિમાગમાં દુનિયાભરનો કચરો કે ગંદકી ભરેલા જોવા મળે છે તેથી ઐક્ય વિચારધારામાં પેદા થતુ નથી આ નગ્ન સત્ય હાલના યુગનું કહી શકાય. સુખી થવા આ પાંચ વસ્તુઓ છોડવી પડે એવુ કહેવાય છે જે વ્યાજબી પણ લાગે છે-

- લોકોને જજ કરવાનું છોડી દો
- બીજાને ડરાવવાનું યા ભયભીત કરવાનું છોડી દો, ખુદ પણ ડરો નહીં
- ભૂતકાળમાં જીવવાનું છોડી દો
- પોતાની જાતને નીચી દેખાડવાનું છોડી દો




- બહુ વિચારવાની આદત છોડી દો

દરેક વર્તન પ્રગટ થાય તે પહેલા વિચાર પ્રક્રિયા દિમાગમાં શરૂ થતી હોય છે એટલે ત્યાં જ સુધારણા લાવવી બહુ જ આવશ્યક છે.




સમાજ દેખાદેખીથી વધુ જીવે છે બીજુ અન્યની નકલ કરવાની બહુ કોશિષ કરે છે પણ સ્વતંત્ર રીતે મૌલિક રીતે વિચારીને જીવવાની શૈલી તૂટી ગઈ છે એટલે પ્રશ્ન વધુ જટીલ થયો છે. પોતાને સમય આપો એ પહેલી જ જરૂરિયાત છે અર્થાત્ વ્યક્તિ કદી સ્વ નું મૂલ્યાંકન કરતી નથી. ગુણદોષ અન્યના જોવામાં જીંદગી પૂરી થઈ જાય છે જે ખુદ કદી પોતાના ઉપર વિચારતા જ નથી ! એક સુંદર શેર છે

"અહીં આંખના પલકારામાં
વિતે છે જિંદગી
તું રાહ જોઈશ રાતની તો
સપના અધુરા જ રહી જશે"

જીતવા બાજી પણ જતુ કરવાની લાગણી જરૂરી છે ઘણીવાર સામેની વ્યક્તિના હૃદયનું પણ પરિવર્તન થઈ જાય છે કેમ કે બધુ મન ઉપર વિચાર ઉપર આધારિત હોય છે. ઉદાર મનના માણસો લોકોમાં માન સન્માન વણમાગ્યે મેળવતા હોય છે આ માટે આપણા જ મહાન ગ્રંથો અને શાસ્ત્રો આપણી પાસે મોજુદ છે તેમાં ડોકીયુ કરવાનો સમય કે ઈચ્છા નથી તેથી સ્થિતિ બદલાતી નથી !!

"શ્રધ્ધાને પ્રગટાવો અથવા
શંકાઓ ને સળગાવો રે !
અંધારા ને આગળ વધતા કોઈ
તો અટકાવો રે !!"

સર્વ સામાન્ય જીવનનો નિયમ એ છે કે તમે ખુશ હો તે ઉત્તમ છે પણ તમારા કારણે બીજા ખુશ થાય એ સર્વોત્તમ છે. આપણી ભાષા, રજૂઆત, વિનય, વિવેક, સ્વભાવથી જ બીજા સુખી યા દુઃખી થતા રહે છે અને બધુ ભાવિ પ્રગટતુ હોય છે. શબ્દો તલવારના ઘા થી વધુ ઘાયલ કરી જાય છે. મરી રહેલા શબ્દોથી ઉભા થઈ જાય છે. અભિવ્યક્તિમાં જ ભવિષ્યનું રહસ્ય સમાયેલુ હોય છે શબ્દોના જ પ્રભાવથી મહા ભારત રચાઈ ગયું. શબ્દો જે બોલાય તેના આપણે ગુલામ બનીએ છીએ તો નહી બોલાયેલા શબ્દોના આપણે માલિક છીએ એ યાદ રાખવુ પડે. વ્યક્ત કરવાની કલા હવે મરી રહી છે.

"વ્યકત કર્યા વિનાનો પ્રેમ એ
હૃદય સાથે કરેલો ગુનો છે"

જ્યાં અન્યાય કે શોષણ હોય ત્યાં અવાજ ઉઠાવવો એ વિશ્વની સુખાકારીનો પાયો છે પરંતુ દરેકની મુલવણી વ્યાજબી રીતે થવી જોઈએ. બીજાના સુખમાં સ્વયંના સુખને જોવુ એ જ બધા ધર્મનો સાર છે. મતલબ કે જીદ્દી થયા વિના જતુ કરવાની માનસિકતાને ત્યજી દેવાથી હાલત કદી સુધરી ના શકે. જે વિતી ગયુ કે જતુ રહ્યુ તે વિશે સતત્ શોક કર્યા કરવો એ પણ ઉચિત વ્યવહાર નથી. લોકોને નવા નવા વિકલ્પો મળતા જ રહે છે એટલે પરિવર્તનથી આપણું મૂલ્ય પણ કદાચ ઘટી જાય તો મનથી ઉદાસ ના થવું !! સામાજીક તંદુરસ્તી માટે વિચારશુદ્ધિ નિહાર શુદ્ધ ખુબ જરૂરી છે જે પરિવારના સંસ્કાર ઘડતરની પ્રક્રિયાથી શરૂ થાય છે. મનોરોગી વધતા જાય એ પ્રકારના સમાજમાં અંતે બધાના હિસ્સામાં અશાંતિ જ આવે છે.

**-: શેર આસ્વાદ :-**

જો ડરા નહિ મુજે ખોને સે
ફર્ક નહિ પડતા ઉનકે ના હોને સે